# વાલી સહયોગી જાતે શીખવા તરફ પ્રથમ ડગ... આટલું કરીએ

**વાલી મિત્રો, નમસ્કાર.**

શાળામાં વેકેશન પડતાં જ આપના મનમાં આપના  બાળકો  હવે શું કરશે, તેમનામાં રહેલી ઉર્જાનો સકારાત્મક ઉપયોગ કેવી રીતે કરાવીએ? એવા અનેક પ્રશ્નો ઊભા થતાં હશે. પણ ખરેખર બાળકો તોફાન નથી કરતાં હોતા તેની પાસે રહેલી ઉર્જાને દેખાડતા હોય છે. બાળકોની સર્જનવૃત્તિને આપણે ક્યારેક તોફાન સમજવાની ભૂલ કરતાં હોઈએ છીએ. આવું ન થાય તે માટે આ વેકેશન દરમ્યાન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને સમગ્ર શિક્ષાના સહયોગ દ્વારા બાળકોને ધ્યાને લઈ તેનામાં રહેલી દક્ષતા, ક્ષમતા અને તેની રૂચી મુજબની પ્રવૃતિઓ–પ્રોજેક્ટ્સ કરાવવાનું આયોજન કરેલ છે. હાલમાં શાળામાં પણ આપના બાળકોને દરેક ધોરણમાં પ્રવૃત્તિ દ્વારા જ શીખવવાનો અભિગમ અમલીકૃત હોય તેમને આવું કરવામાં કોઈ મુશ્કેલી નહીં પડે તેની ખાતરી છે. ધોરણ 1 થી 10 સુધીના બાળકોને ધ્યાને લઈ તેના માટે વેકેશનમાં ઘરે બેઠા વાલીના સહયોગથી  દરરોજ નવી નવી પ્રવૃતિ–પ્રોજેક્ટ કરી શકાય તે અભિગમને ધ્યાને લઈ આવું કરી રહયા છીએ. આ પ્રવૃતિઓના નિર્માણ સમયે નીચેના હેતુઓને ધ્યાને લેવાયા છે:

- બાળક દરરોજ કોઈ એક સેવા કાર્યમાં જોડાય તેની ખાતરી કરો. (દા.ત. પક્ષીઓને ચણ કે પાણી મૂકવું, ગાયને ચારો નાખવો, વડીલોની સેવા કરવી વગેરે વગેરે)
- દરેક પ્રવૃત્તિ માટે બાળકોની વયકક્ષાને ધ્યાને લેવાઈ છે.
- પ્રવૃત્તિમાં ઉપયોગમાં લેવાની તમામ સાધન સામગ્રી સ્થાનિક હોય તેવી, બિન ખર્ચાળ અને દરેક ગામમા સહેલાઈથી મળી રહે તેને ધ્યાને લેવાઈ છે.
- મોટાભાગની પ્રવૃત્તિઓ બાળકોના અનુભવ જગતને પ્રાધાન્ય આપતી અને તેના રોજિંદા જીવનને સ્પર્શતી હોય તેવી પસંદ કરાઇ છે.
- દરેક પ્રવૃત્તિ સરળ, આનંદદાયી અને કઈક શિખવનાર બની રહેતી હોવાથી તે કરવા માટે બાળકનો  ઉત્સાહ વધે તેનો ખ્યાલ રખાયો છે.
- આ પ્રવૃત્તિઓ કરવા માટે બાળકો ઘરના સભ્યો સાથે ખુલ્લા મને વાતચીત કરશે, ગામના લોકોને મળશે, પડોશના સભ્યો સાથે બેસી વાતો કરશે અને તે માટે તેમને સ્વતંત્રતા મળી રહે તેવું વિચારેલ છે.
- અહી અપાયેલ પ્રવૃત્તિઓ સીધેસીધું શિક્ષણ આપતી નથી પરંતુ પર્યાવરણીય અને અનુભવજન્ય શિક્ષણ પૂરું પાડે તેવા પ્રકારની પસંદ કરવામાં આવેલ છે. જે બાળકોને આગળના ધોરણમાં મદદરૂપ થશે.
- શાલેય શિક્ષણ માટે વર્ગમાં લીધેલા અનુભવોને ધ્યાને રાખી પ્રવૃત્તિની રચના કરેલ હોય બાળકોને પ્રવૃત્તિ કરવામાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેને ધ્યાને લેવું.
- મોટાભાગની પ્રવૃત્તિઓ ભાષા, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન સાથે સંકળાયેલ હોવાથી બાળકોને પ્રવૃત્તિ સાથે પોતાના વિષેનું પરોક્ષ રીતે જ્ઞાન પણ પ્રાપ્ત થાય તેવું વિચારેલ છે.
- વેકેશન હોવાથી શિક્ષકને પણ કોઈ ખલેલ ન પહોંચે અને વાલી સહયોગથી આ પ્રવૃતિઓ થઈ શકે તે માટે વ્યક્તિગત રીતે આ પ્રવૃતિ મોડ્યુલ નિર્માણ કરેલ છે.
- શીખવાની પહેલી શરત પ્રયોગાત્મક હોય છે તે સિધ્ધાંતને ધ્યાને લઈ આ પ્રવૃત્તલક્ષી પ્રોજેક્ટના અભિગમનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- વેકેશનના સમયની ફુરસદમાં બાળકોનું શીખવાનું ચાલુ રહે રજા દરમ્યાન શીખવાનો મહાવરો અટકી ન જાય તેને પણ ધ્યાને લેવાયું  છે.

(પાછળ જુઓ)

- પ્રવૃત્તિની રચના સમયે વર્ગ અધ્યાપનની બાબતોને પણ ધ્યાને લીધેલ હોવાથી બાળકોને પોતાના અનુભવો અને વર્ગ વ્યવહારને પણ યાદ કરવો પડશે જેથી બાળકોની સિદ્ધિનું સ્તર પણ આપોઆપ વાલીઓ જાણી શકશે.
- બાળકોના સમગ્રતયા વિકાસ માટે પંચકોશને ધ્યાને લઈ નિર્માણ થયેલી જુદી જુદી પ્રવૃત્તિઓના પ્રકારોમાં શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને ચૈતસિક વિકાસને ધ્યાને લેવામાં આવેલ છે.
- બાળકોને આ પ્રકારની પ્રવૃત્તિઓ કરવા માટે પ્રશ્નોત્તરી, ચર્ચા, પરામર્શ, રમતગમત, કલ્પના, મુલાકાત, ઇંટરવ્યૂ, અવલોકન અને શોધખોળ કરવાની તકો ઊભી થાય તેવું વિચારેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 અનુસાર શિખવાની પંચપદી મુજબ બાળકોને જાતે શીખવા માટે અભ્યાસ અને પ્રયોગની તકો મળે તેવું આયોજન કરેલ છે.
- NEP–2020 અનુસાર વેકેશનમાં ઘરે બેઠા આ પ્રવૃત્તિઓ કરવાની હોવાથી શિક્ષકની જવાબદારી ઓછી થાય તેવું આયોજન વિચારેલ છે. જેથી બાળકો આ પ્રવૃતિઓ કરે અને જાતે કરે તેવા સિદ્ધાંતનું અનુસરણ કરેલ છે.
- આ પ્રકારની પ્રવૃત્તિઓ કરવાથી બાળકોમાં સ્થાનિક સ્રોત સંદર્ભ, વ્યક્તિ વિશેષ, ગાણિતિક કૌશલ્યો, ભાષા જ્ઞાન અને જીવન કૌશલ્યોનો પણ વિકાસ થાય તેવું આયોજન કરેલ છે.
- આવતીકાલના નાગરિક તરીકે જવાબદારીનું ભાન થાય, પર્યાવરણ, વિજ્ઞાનના મૂળભૂત સિધ્ધાંતોનો ખ્યાલ મળે, સ્વચ્છતા–આરોગ્ય જળવાઈ રહે, સરકારી યોજનાઓ, બેન્કની સહાય, હક અને ફરજ માટેની બાબતોને પ્રવૃત્તિ માધ્યમે મૂકીને એક નવા અભિગમનું સ્થાપન થાય તેવા પ્રયાસો કરાયેલ છે.

ટૂંકમાં વેકેશનમાં ગૃહ અભ્યાસ સાથે બાળકોને દૈનિક નવીનતમ પ્રવૃત્તિઓ કરવા માટેની તક મળી રહે તે માટેના ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને સમગ્ર શિક્ષાના સહયોગ દ્વારા આ ગમ્મત સાથે જ્ઞાનના પ્રકલ્પને અજમાયશી પ્રકલ્પ તરીકે મૂકીને આપણે જાતે શીખવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવા તરફ પ્રથમ ડગ માંડીએ છીએ. આપના બાળકને આપવામાં આવેલ પ્રવૃત્તિ પત્રકમાં જે **QR**કોડ આપવામાં આવેલ છે તેને સ્કેન કરી આ પ્રવૃત્તિઓ કરતા સમયે ધ્યાનમાં રાખવાની બાબતોનું માર્ગદર્શન અને સાથે નવી નવી વાર્તાઓ, ગીતો અને અન્ય સર્જનાત્મક માહિતી જોવાનું ચૂકશો નહિ. આપના તરફથી બાળકોની પ્રવૃત્તિના અનુભવોને ધ્યાને લઈ સૂચના કે પ્રતિભાવો પ્રાપ્ત થાય તે અપેક્ષિત રહેશે. આપના બાળકોની પ્રવત્તિનાં ફોટોગ્રાફ્સ કે નાના વિડીયો **વોટ્સએપ નંબર 7575962929** પર મોકલવા વિનંતી. તો આવો, બાળકોને જાતે શીખવા દેવા માટે સહાયક અને સહયોગી વાતાવરણ નિર્માણ કરી શિક્ષણ ગુણવતા તરફના એક અભિનવ પ્રયોગના અમલીકરણ માટે સાહિયારો પ્રયાસ કરીએ.

**કુલસચિવ,**
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,**
**ગાંધીનગર**